
એપ્રિલ ૨૦૧૨

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## પ્રતિક્રમણ

અક્રમ એક્સપ્રેસ

# પ્રતિક્રમણ

## સંપાદકીય

બાળમિત્રો,

આપણાથી કંઈ પણ ખોટું પગલું ભરાઈ જાય કે તરત આપણે 'સોરી' કહીએ છીએ. એટલે કે માફી માંગી લઈએ છીએ. દરેક ધર્મમાં માફી માંગવાને ખૂબ મહત્ત્વ અપાયું છે. પણ 'સોરી' કહેવાથી બાધાભારે માફી મંગાય છે. ખોટા વ્યવહારને મૂળમાંથી દૂર કરવાની પદ્ધતિસરની રીત તીર્થંકરોએ બતાવી છે, અને એ છે 'પ્રતિક્રમણ'. પ્રતિક્રમણ કરવાથી કોઈ પણ ગુનો મૂળમાંથી ધોવાય છે.

પ્રતિક્રમણ એટલે શું ? કેવી રીતે થાય? ક્યારે કરાય ? એનું મહત્ત્વ શું છે ? વગેરેની બહુ મહત્ત્વની સમજણો પરમ પૂજ્ય દાદાશ્રીએ આ આપી છે જે આ અંકમાં મૂકાઈ છે.

તો આવો, આપણે પણ આ સમજણથી આપણી દરેક ભૂલો માટે 'પ્રતિક્રમણ' કરીને એમાંથી છૂટી જઈએ.

-ડિમ્પલમહેતા



દરેક ધર્મમાં માફીનું મહત્વ હોય છે પણ જુદી જુદી રીતે હોય ને આપણે અહીં પ્રતિક્રમણ હોય.

પ્રશ્નકર્તા : પ્રતિક્રમણ એટલે શું ?

દાદાશ્રી : પાપથી પાછા વળવાનું એનું નામ પ્રતિક્રમણ. આખા દહાડામાં આપણે જે વ્યવહાર કરીએ છીએ, એ બધું ક્રમણ કહેવાય. ક્રમણ એટલે નોર્મલ વ્યવહાર, જેનાથી કોઈને દુઃખ ન થાય એવો વ્યવહાર. દા.ત ઊઠવું, બેસવું, ખાવું-પીવું વગેરે.


દાદાજી કહે છે... ૧
સાચા દિલનો પસ્તાવો ૨
ઘડી ઘડી પસ્તાવો ૫
આ તો નવી જ વાત! ૮
ચાલો રમીએ... ૧૦
મીઠી યાદેં ૧૨
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૩
સમર કેમ્પ ટાઇમ ટેબલ ૧૭

# દાદાજી કહે છે...



પણ કો'કને દુઃખ થાય એવું વર્તન કરીએ તો એ અતિક્રમણ કહેવાય. દા.ત. કો'કને માર્યું હોય કે કો'કની મશ્કરી કરી હોય કે કો'કને કડક શબ્દ બોલાઈ ગયો, એ અતિક્રમણ. અતિક્રમણ એટલે આપણે અવળા ચાલ્યા. એટલું જ પાછા સવળા આવ્યા એનું નામ પ્રતિક્રમણ.

પ્રશ્નકર્તા : એ પ્રતિક્રમણ કેવી રીતે કરવાનું ?

દાદાશ્રી : મનમાં એની મહીં બેઠેલા ભગવાન(આત્મા)ને ઉદ્દેશીને કહેવાનું કે "હે ભગવાન! મારી આ ભૂલ થઈ છે, એનો પશ્ચાતાપ કરું છું, માફી માંગું છું અને ફરી આવું નહીં કરું." બસ, આનું નામ પ્રતિક્રમણ.

પ્રશ્નકર્તા : શું પ્રતિક્રમણ કર્યું એટલે પાપ ધોવાઈ ગયું ?

દાદાશ્રી : હા, હા, ચોક્કસ વળી, ધોવાઈ જ જાય.

પ્રશ્નકર્તા : તો તો બધા ઘડી ઘડી પાપ કરે અને ઘડી ઘડી માફી માંગે, એવું થઈ જાય.



દાદાશ્રી : ભલે એવું થઈ જાય પણ માફી માંગજો, પ્રતિક્રમણ કરજો. એમ કરતા કરતા એ ભૂલ તૂટી જાય. પણ એવું ના કરીએ તો પછી ભૂલો વધતી જ જાય. ઘડી ઘડી માફી માંગવાની છૂટ છે.

આ પ્રતિક્રમણ એ મોટામાં મોટું હથિયાર છે. જેવી તમને તમારી ભૂલ ખબર પડી કે તરત જ પ્રતિક્રમણ કરો. 'શૂટ એટ સાઈટ' (ખબર પડતાંની સાથે જ). અને નહીં તોય રાત્રે સુતા પહેલાં તો કરી જ નાખો. ભૂલો દેખાતી જાય અને શૂટ થતી જાય, આમ કરતાં કરતાં ભૂલો ખલાસ થતી જાય.

અતિક્રમણ અધોગતિમાં લઈ જશે અને પ્રતિક્રમણ ઉર્ધ્વગતિમાં લઈ જશે. અને ઠેઠ મોક્ષે જતાં સુધી પ્રતિક્રમણ જ મદદ કરશે.


તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૮
સળંગ અંક : ૪૪
એપ્રિલ ૨૦૧૨

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ : (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org

Printed, Published and Owned by :
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Published at Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printing Press:-
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક લવાજમ
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


# સાચા દિલનો પસ્તાવો

બહાદુર નામનો એક છોકરો નાનપણમાં અનાથ થઈ ગયો, ત્યારે મહીપત નામના એક ભલા પાડોશીએ એને ઘર કુટુંબની હૂંફ આપી અને એને ઉછેરીને મોટો કર્યો. મહીપત વ્યવસાયે કસાઈ હતો. રોજી મેળવવા માટે એ રોજ ગાય, મરઘા કે બકરીનું કતલ કરી તેમનું માંસ વેપારીને પહોંચાડી પૈસા કમાતો. બહાદુર મોટો થયો એટલે સ્વાભાવિક રીતે એ પણ પિતાના વ્યવસાયમાં જોડાઈ ગયો.

એક દિવસ એ ગામમાં એક પંડિત પધાર્યા. કતલખાના પાસેથી પસાર થતા એમની નજર મરઘા કાપતા બહાદુર પર પડી. એમણે બહાદુરને સમજાવતા કહ્યું, ''તને ખબર છે, આ પ્રાણીઓની કતલ કરવાથી એમને કેટલું દુઃખ અને ત્રાસ થાય છે ? આ વ્યવસાયનું પરિણામ શું આવશે તને ખબર છે ? કોઈ પણ જીવની હત્યા એ એને નરકમાં લઈ જાય. અને તું તો એક-બે નહી, રોજ અનેક નિર્દોષ પશુઓની હત્યા કરે છે. એમને પણ તો પરિવાર હોય છે. તારાથી કેટલા પશુ બાળકો અનાથ થઈ જતા હશે ? ભયંકર નુકસાન છે આમાં! આ મૂંગા પશુઓને મારીને તારા માથે જોખમ ના વહોર.''

પંડિતની વાત સાંભળતા જ બહાદુર એકદમ ગભરાઈ ગયો. નાનપણથી જ ઘરમાં આ ધંધો જોયો હતો એટલે

**" તને ખબર છે, આ પ્રાણીઓની કતલ કરવાથી એમને કેટલું દુઃખ અને ત્રાસ થાય છે ? "**




આજ સુધી એને ક્યારેય એવો અણસાર નહોતો આવ્યો કે આમાં આટલું નુકસાન છે! પોતાના કામ ધંધાથી કોઈ અનાથ થઈ શકે છે એ વિચારે એને ધ્રુજારી છૂટી ગઈ. એણે મનોમન નક્કી કર્યું કે જે પણ થાય, આ ધંધો હું નહીં જ કરું. બહાદુરે મહિપતને  સમજાવવાનો પ્રયત્ન કર્યો. બહાદુરના આગ્રહથી મહીપતે ધંધો બદલવાનો વિચાર કરીને ૧-૨ અઠવાડિયા સુધી કતલખાનું બંધ રાખ્યું ને બીજી રીતે રોજીરોટી કમાવવાના પ્રયત્નો કર્યા. પણ વર્ષોથી આ જ કામ કર્યું હોવાથી એમની પાસે બીજા કોઈ ધંધાનો વિકલ્પ નહોતો. બીજો ધંધો શરૂ કરવા માટે મૂડી પણ નહોતી. આવક બંધ થવાથી રોજ બે ટંક જમવાનું પણ હવે મુશ્કેલ થઈ ગયું.

આખરે મહીપતે કતલનું કામ ફરી શરૂ કર્યું. વેપારીને માલ-સામાન પહોંચાડવાનું કામ મહીપતે બહાદુરને સોંપ્યું. બહાદુરના હૃદયમાં મહીપત માટે ઉપકારી ભાવ હતો એટલે વધારે દલીલ કર્યા વિના એ પિતાના વ્યવસાયમાં પાછો જોડાઈ ગયો.


કામના પહેલા જ દિવસે બહાદુર ધ્રુસકે ધ્રુસકે રડ્યો. ભગવાન પાસે જઈને હૃદયપૂર્વક પસ્તાવો કરીને, કરગરીને પ્રાર્થના કરી, ''હે ભગવાન, આ એક-એક હત્યામાં મારે ભાગીદાર થવું પડે છે એનો મને ખૂબ પસ્તાવો થાય છે. મને માફ કરજો. મને આમાંથી બહાર નીકળવાનો રસ્તો સુઝાડો.''

પંડિતને જ્યારે ખબર પડી કે બહાદુરે ધંધો નથી છોડ્યો, ત્યારે એ ખૂબ ઉશ્કેરાઈ ગયો. એણે બહાદુરને ફરી ખખડાવ્યો,'' તે મારી વાત ના માની અને આ હત્યાના કારખાનામાં કામ ચાલુ રાખ્યું ! હવે તારા કતલખાનામાં જેટલા પ્રાણીઓનું કતલ થશે, એટલા પત્થર હું અહીં ભેગા કરીને તારા પાપનો ડુંગર બનાવીશ.''

બહાદુર પંડિતની વાત ગળી ગયો. પંડિત રોજ બહાદુરનો તિરસ્કાર કરતો, એને તરછોડ મારતો, એને



## "આ ડુંગર જોયો? એમાં જેટલા પત્થર છે એટલા ભયંકર ગુના તે કર્યા છે."



રોજ યાદ કરાવતો કે, "આ ડુંગર જોયો? એમાં જેટલા પત્થર છે એટલા ભયંકર ગુના તે કર્યા છે." પણ બહાદુર બધા જ તિરસ્કાર સમાવી લેતો. પોતાના દોષનો એને અત્યંત ખેદ વર્તતો હતો. ફરી ફરી ઈશ્વર પાસે જઈને એ એના ગુનાઓની માફી માંગતો. રોજ એ દિલથી પ્રાર્થના કરતો કે જલદી આ કામથી છુટકારો મળે.

એક દિવસ બહાદુર અને પંડિત બસમાં બાજુના ગામમાં જઈ રહ્યા હતા. બસનો અકસ્માત થતાં બન્ને મૃત્યુ પામ્યા. બહાદુરને સ્વર્ગમાં સ્થાન મળ્યું અને પંડિતની તિર્યંચ (જાનવર) ગતિ થઈ.

બહાદુરને નવાઈ લાગી. એણે દેવને પૂછ્યું, "પંડિતે આખી જીંદગી ધર્મ કર્યો અને છતાંય એને તિર્યંચ ગતિ મળી, અને હું હત્યામાં ભાગીદાર બન્યો છતાંય મને સ્વર્ગલોક કેવી રીતે મળ્યું?"

દેવે કહ્યું, "પંડિતનો ધર્મ તો એક આડંબર હતો. એ આખો વખત બીજાના દોષ જ જોતો હતો. દ્વેષ, તિરસ્કાર અને ક્રોધ કરી કરીને એ એના પાપોનો બોજો પત્થરના ડુંગરની જેમ વધારતો જ ગયો એટલે એ બોજો ખાલી કરવા એણે તિર્યંચગતિમાં જવું પડ્યું. અને તું રોજેરોજ સાચા દિલથી પસ્તાવો કરી, પશ્ચાતાપના એક-એક આંસુથી તારા કર્મોના પડ હલકા કરતો જતો હતો. માટે તારા પાપો ધોવાઈ ગયા અને તને સ્વર્ગમાં સ્થાન મળ્યું."

**"જોયું મિત્રો, સાચા દિલથી કરેલા પસ્તાવાથી ભલભલા પાપોમાંથી મુક્તિ મળે છે !"**

# ઘડી ઘડી પસ્તાવો

**સં**જના ઓશીકામાં માથું દાબીને રડી રહી હતી. એની નાની બહેન પ્રાચી ઘડી ઘડી એના રૂમમાં જતી. સંજનાને રડતા જોતી પણ જાણે એનું હૃદય પથ્થર જેવું કઠણ થઈ ગયું હોય એમ કોઈ પણ જાતના પ્રતિભાવ વગર એ પાછી ફરતી અને બહારના રૂમમાં આવી રમવા લાગતી.

બપોરની સાંજ થઈ પણ ન પ્રાચી સંજનાને બોલાવવા ગઈ કે ન સંજના રૂમમાંથી બહાર આવી. સંજનાનું રડવાનું તો બંધ થઈ ગયું હતું. પણ રડી રડીને એનો ચહેરો ભારે થઈ ગયો હતો. એ ચૂપચાપ એના પલંગ પર બેઠી હતી. સંજનાને દુઃખી થયેલી જોઈ પ્રાચી વધુ ને વધુ ખુશ થતી. 'હવે આવીને ઠેકાણે !' એમ વિચારી એ ફરી રમવા લાગતી.

ત્યાં તો ડોરબેલ વાગી. 'હે... મમ્મી આવી ગયા !' કહેતી પ્રાચી દરવાજો ખોલવા દોડી, મમ્મીને જોઈ એ એને વળગી પડી. મમ્મીએ પણ આખો દિવસ વિખૂટી મૂકેલી દીકરીને બાથમાં લઈ લીધી.

સંજના અને પ્રાચીના મમ્મી-પપ્પા બંને નોકરી કરતા હતા. બન્ને દીકરીઓ સ્કૂલ પછીનો અડધો દિવસ ઘરમાં એકલી રહેતી. મમ્મીની ગેરહાજરીમાં મોટી દીકરી સંજના ઘરનું તેમ જ પ્રાચીનું ધ્યાન રાખતી. પણ માથાભારે પ્રાચી ઢીલી સંજનાનું સાંભળતી નહીં એટલે સંજનાને ગુસ્સો આવી જતો અને એ પ્રાચીને લપડાક મારી દેતી.

**" સંજનાનું રડવાનું તો બંધ થઈ ગયું હતું. પણ રડી રડીને એનો ચહેરો ભારે થઇ ગયો હતો. "**



માર્યા પછી પસ્તાવો પણ થતો અને એ નક્કી પણ કરતી કે હવે નહીં મારું પણ છતાં બીજે દિવસે એનું એ જ.

આજે પણ એવું જ બન્યું. સંજનાએ પ્રાચીને પહેલા હોમવર્ક કરી લેવાનું કહ્યું અને પ્રાચી ટી.વી. ચાલુ કરી બેસી ગઈ. ટી.વી. જોતા જોતા એ સૂઈ ગઈ.ઊઠી ત્યારે સંજનાએ ફરી હોમવર્ક કરવાનું કહ્યું તો પ્રાચી રમવા લાગી.


'ના, હું તારી પાસે હોમવર્ક નહીં કરું. મમ્મી પાસે જ કરીશ.' પ્રાચીએ રમકડા કાઢતા કહ્યું.

''પ્રાચી, મમ્મી થાકીને આવ્યા હોય. પછી એમણે જમવાનું બનાવવાનું હોય, એ કેવી રીતે તને હોમવર્ક કરાવશે ? એના કરતા ચાલ હું તને કરાવું,' સંજના એને ફોસલાવતી.

પણ માને એ બીજા. પ્રાચી એકની બે ન થઈ. ફરી ફરી મનાવવા છતાં જ્યારે પ્રાચી ન માની ત્યારે સંજનાનો ગુસ્સો ભભૂક્યો. એણે જોરથી પ્રાચીને લાફો મારી દીધો અને બોલી, 'કહ્યું ને એકવાર કે હોમવર્ક કરવા બેસ. નથી રમવાના રમકડાં, હું બધા મૂકી દઉં છું. જ્યાં સુધી તુ હોમવર્ક નહીં કરે ત્યાં સુધી હું તને એક પણ રમકડું આપવાની નથી.'

પ્રાચીનો ચહેરો રડું રડું થઈ ગયો. ગુસ્સામાં એ સંજના તરફ જોઇ રહી. ગુસ્સો કાબુમાં ન રહેતા એ ઊભી થઈ અને સંજના પર ત્રાટકી. જોરથી એના વાળ ખેંચવા લાગી. સંજના વાળ છોડાવવાનો પ્રયત્ન કરતી હતી પણ પ્રાચીએ એટલા જોરથી વાળ પકડ્યા હતા કે એની મૂઠી ખૂલતી જ નહોતી. એટલે સંજનાએ ફરી એને માર્યું. પ્રાચી હવે તો વાળ શાના છોડે ? એ સંજનાને સામે બચકા ભરવા લાગી. આમ ઘરમાં જ મહાભારત શરૂ થઈ ગયું.

થોડી વાર પછી બંને થાક્યા ત્યારે બંનેને એકબીજાએ છોડ્યા. સંજના રડતા રડતા તેના રૂમમાં જતી રહી અને પ્રાચી હાંફતી હાંફતી ત્યાં જ બેસી રહી.



"આમ ઘરમાં જ મહાભારત શરૂ થઇ ગયું."

ધીમે ધીમે બંને નોર્મલ થવા લાગ્યા. પ્રાચી રમકડા કાઢી રમવા લાગી પણ સંજનાને પસ્તાવો થવા લાગ્યો. 'મારી જ ભૂલ છે. કેટલું જોરથી મેં પ્રાચીને મારી દીધું. એ નાની છે. એને કેટલું વાગ્યું હશે ?'

એ ઊભી થઈ બહાર આવી. પ્રાચી રમતી હતી. એણે પ્રાચીને જઈને કહ્યું, 'સોરી પ્રાચી, હવેથી હું તને નહીં મારું.'

પ્રાચીએ એ સાંભળ્યું ન સાંભળ્યું કર્યું અને પછી બોલી, 'દર વખતે તું આવું જ કહે છે. સુધરતી તો છે નહીં.'

સંજના પાછી રૂમમાં જતી રહી. ઓશીકામાં માથુ નાખીને રડવા લાગી. 'હે ભગવાન, આજ પછી હું ક્યારેય પ્રાચી પર ગુસ્સો નહીં કરું અને એને નહીં મારું. પ્લીઝ મને માફ કરી દો.'

મમ્મીને વળગીને જ પ્રાચીએ કહ્યું, ''મમ્મી, હું દીદી સાથે નથી રહેવાની. એ મને રોજ મારે છે.''

મમ્મીને પરિસ્થિતીનો ખ્યાલ આવી ગયો. પ્રાચીને લઈ એ અંદર રૂમમાં ગઈ. સંજના ઉદાસ ચહેરે બેઠી હતી. મમ્મીને જોઈ એની આંખો ભરાઈ ગઈ.

મમ્મી એની બાજુમાં બેઠી. હજી કંઈ બોલે એ પહેલા તો સંજના એમના ખોળામાં માથું મૂકી રડવા લાગી. 'સોરી મમ્મી, હવેથી હું પ્રાચીને નહીં મારું.'

મમ્મીએ એનો વાંસો પંપાળતા પ્રાચી સામે જોયું, 'જો દીદી કેટલું રડે છે! તને 'સોરી' કહે છે.'

પ્રાચીએ મોઢું ચડાવતા કહ્યું, 'એ તો એનું દર વખતનું નાટક છે. પહેલા મારવાનું અને પછી સોરી કહેવાનું. હું એની સાથે નથી રહેવાની.'

મમ્મીએ સંજનાને પંપળાવાનું ચાલુ રાખ્યું. પ્રાચીને બાજુમાં બેસાડીને કહ્યું, ''બેટા, પસ્તાવો ક્યારેય બનાવટી હોતો જ નથી. દીદી રોજ પસ્તાવો કરે છે માટે એ નક્કી છે કે એક દિવસ એ સૂધરશે જ. માફી માગનારને તો ભગવાન પણ માફ કરી દે. તો આ તો તારી દીદી છે, તુ માફ નહીં કરે?'

પ્રાચીએ કૂતુહલતાથી પૂછયું, 'ઘડી ઘડી એકની એક ભૂલ કરે અને ઘડી ઘડી માફી માંગે એને પણ ભગવાન માફ કરી દે ?'


મમ્મીએ કહ્યું, 'હા, એમ કરતાં કરતાં ભૂલો ખલાસ થઈ જાય. એક દિવસ દીદી તને ચોક્કસ મારતી બંધ થઈ જશે.'


આ સાંભળી પ્રાચી ઢીલી પડી. એ દીદી પાસે ગઈ અને બોલી, 'આઈ એમ સોરી દીદી. મેં તારા વાળ ખેંચ્યા, તને બચકા ભર્યા. હવેથી નહીં કરું.'

આ સાંભળી સંજનાએ માથું ઊંચક્યું. આંસુ લૂંછતા એ બોલી, 'તો ચાલ, જલદી હોમવર્ક કરવા બેસી જા.'



**અને બન્ને એકબીજા સામે હસી પડ્યા.**


આ
તો
ન
જે વ્યવહારની લોકો નિંદા કરે એવા કાર્યો થયા હોય કે સામાને દુઃખ થયુંહોય એ અતિક્રમણ છે. તે થયું હોય તો પ્રતિક્રમણ કરવાની જરૂર. દા.ત. ચોરી કરવી એ લોકનિંદ્ય કાર્ય ગણાય, માટે એ અતિક્રમણ કહેવાય.
પ્રતિક્રમણ 'શૂટ એટ સાઈટ' શાથી ? કપડાં પર ચાનો ડાઘ પડે તો તરત ધુએ તો જાય કે પાછળથી ધુએ તો જાય ? એમ પાપ પણ થતાંની સાથે જ ધોઈ નાખવાથી ધોવાઈ જાય.



વી
જ
વાત!
પ્રતિક્રમણ એટલે માફી માંગવી.પ્રત્યાખ્યાન એટલે હવેથી હું આવી ભૂલ ફરી ક્યારેય નહીં કરું એવો નિશ્ચય કરવો. આ ત્રણ સાથે હોય ત્યારે યથાર્થ પ્રતિક્રમણ કહેવાય.
પ્રતિક્રમણમાં ત્રણ શબ્દો સમાયેલા છે આલોચના, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન. આલોચના એટલે આપણે કોઈ ખરાબ કામ કર્યું હોય, તો જે આપણા ગુરુ હોય અગર તો જ્ઞાની હોય તેમની પાસે કબૂલ કરવું. જેવું થયું હોય એવું કહી દેવું, બીક રાખ્યા વગર.

# ચાલો રમીએ...

**૧** નીચે બતાવેલ ચિત્રમાં રસ્તો શોધો.



**૨** નીચે આપેલા ચિત્રમાં ક્યા રંગના ટપકાં છે એ શોધી કાઢો. ધ્યાનથી જોજો.... હો...




**૩** આ ચિત્રમાં બતાવેલ શબ્દોને એવી રીતે ગોઠવો કે એમાંથી એક પ્રાણીનું નામ બને.



**૪** પેન્સિલ ઉપાડ્યા વગર
નીચે આપેલા સ્ટારને જોડો




આ બે ગ્લાસ દસ દિવાસળીથી બનેલ છે.
કોઈ પણ છ દિવાસળીને એવી
રીતે હલાવો કે જેમાંથી એક ઘર બને. **૫**



# તમારી જાતને ચકાસી જુઓ!

**આડું :-**
૧) 'ફરી હવે નહીં કરું' એનું નામ..............(૪)
૨) જેનાથી કોઈને દુ:ખ ના થાય એવો વ્યવહાર. (૩)
૩) અતિક્રમણ ...............માં લઈ જશે, અને પ્રતિક્રમણ ઉર્ધ્વગતિમાં લઈ જશે. (૪)

**ઊભું :-**
૧) અતિક્રમણ એટલે આપણે અવળા ચાલ્યા. એટલું જ પાછા સવળા આવ્યા એનું નામ ................. (૫)
૪) જેવી તમને તમારી ભૂલ ખબર પડી કે તરત જ પ્રતિક્રમણ કરવું એટલે__________(૭)





# મીઠી યાદેં

એક બ્રહ્મચારી ભાઈની વાત છે. પહેલી વાર જ્યારે તેઓ જ્ઞાનવિધિમાં જોડાયા ત્યારે, જેવી જ્ઞાનવિધિ પૂરી થઈ એવા તરત જ તેઓ નીરુમાના ચરણોમાં આવીને નમી પડયા. અંદરથી એમને ખૂબ ખૂબ આનંદ થતો હતો અને જ્ઞાન પામ્યાની ખૂબ ધન્યતા લાગતી હતી કે, જે આત્મા તેઓ આટલા વર્ષોથી શોધતા હતા, એનો માત્ર બે જ કલાકમાં નીરુમાએ આખો ઊઘાડ કરી આપ્યો. અંદરથી એમના માટે અહો અહો થવા લાગ્યું.

નીરુમાના ચરણોમાં નમીને તેઓ બોલ્યા, ''નીરુમા, જે આત્મા હું આટલા વર્ષોથી શોધતો હતો, તમે શું કૃપા કરી, શું તમે મને આપ્યું કે મને આખો આત્માનો ઊઘાડ થઈ ગયો. નીરુમા, હું તમને શું આપું?''

એ ભાઈ બહુ પૈસાવાળા હતા એટલે એમને એમ કે નીરુમાને કંઈક પૈસા કે સાડી કે એવું બીજું કંઈ જોઈતું હોય તો લઈ આપું. નીરુમા પેલા ભાઈ સામે જોઈને મીઠું હસ્યા અને બોલ્યા, ''અમને તો કેવળ શુદ્ધાત્મા અનુભવ સિવાય કંઈ જોઈતું નથી.''

પેલા ભાઈએ આગ્રહપૂર્વક કહ્યું, ''નીરુમા, કાંઈક તો કહો. હું તમને આપું.''

નીરુમાએ એ જ મીઠા હાસ્ય સાથે પેલા ભાઈને કહ્યું, ''તું એક કામ કર. આજે જ્ઞાનવિધિમાં તને જે સુખ મળ્યું છે, એ સુખ આખુ જગત પામે એવી તું ખાલી ભાવના કરજે.''

આ સાંભળી પેલા ભાઈને નીરુમા માટે વધારે અહો અહો થવા લાગ્યું કે, ઓહોહો! નીરુમા પોતાના માટે કંઈ માંગતા નથી. ઊલ્ટું, મને એવું કહે છે કે આ જે સુખ તું પામ્યો છે એ સુખ આખું જગત પામે એવી તું ખાલી ભાવના કરજે! અને ભાઈનું માથું નીરુમાના ચરણોમાં નમી પડ્યું. તેઓ બોલ્યા, ''થેંક્યું નીરુમા, તમે મને આખા જગત માટે, આખી જિંદગીનું કામ આપી દીધું.''

અને એ દિવસથી એમની અંદર નિરંતર ૨૪ કલાકની ભાવના શરૂ થઈ ગઈ કે મોક્ષે જતાં સુધી નીરુમાની જોડે ને જોડે જ રહી આખા જગતનું કલ્યાણ કરવાનું નિમિત્ત બનવાની મને પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

ભારતના પોલસપુર નામે નગરમાં વિજય નામના રાજા રાજ્ય કરતા હતા. એમને શ્રીદેવી નામે રાણી અને અઈમુત્તા નામે છ વર્ષનો નાનકડો રાજકુમાર હતો.

એક વાર છ વર્ષનો અઈમુત્તા એના મિત્રો સાથે શેરીમાં રમતો હતો. રમતા રમતા એણે એક મુનિને જોયા. એ મુનિ બીજા કોઈ નહીં પણ મહાવીર સ્વામીના શિષ્ય ગૌતમ સ્વામી હતા. તેઓ ગૌચરી (આહાર લેવા) માટે એક ઘરેથી બીજા ઘરે જઈ રહ્યા હતા. આ જોઈ અઈમુત્તા દોડીને ગૌતમ સ્વામી પાસે આવ્યા અને કહ્યું, ''આપ મારા મહેલમાં ગૌચરી માટે પધારશો તો મને તથા મારી માતાને બહુ આનંદ થશે.'' ગૌતમ સ્વામીએ એ વાતને કબૂલ કરી અઈમૂત્તાના મહેલમાં ગૌચરી માટે ગયા. મુનિને ગૌચરી વહોરાવવાથી અઈમુત્તા ખૂબ ખુશ થયો.

ગૌતમ સ્વામી પાછા ફરી રહ્યા હતા ત્યારે અઈમુત્તાએ કહ્યું, ''આપની ઝોળી બહુ ભારે છે. મને ઊંચકવા દો.''

ગૌતમ સ્વામીએ કહ્યું, ''અઈમુત્તા, એ હું કોઈને ઊંચકવા માટે ન આપી શકુ, સિવાય કે જેણે દીક્ષા લીધી હોય અને સાધુ થયા હોય એ જ ઊંચકી શકે.'' અઈમુત્તાએ પૂછ્યું, ''દીક્ષા એટલે શું?''

ગૌતમ સ્વામીએ સમજાવતા કહ્યું કે દીક્ષા લેવા જગતના તમામ સુખ - સંપત્તિ, કુંટુંબ - સગાવહાલા તેમજ સર્વ સંબંધોનો



ત્યાગ કરવો પડે, ત્યારે સાધુ થઈ શકે."

અઈમુત્તાએ કહ્યું, "ગુરુદેવ, તો તો મારે દીક્ષા લેવી છે."

અઈમુત્તા અને ગૌતમ સ્વામી, જ્યાં મહાવીર સ્વામી ઉપદેશ આપતા હતા ત્યાં પહોંચ્યા. અઈમુત્તાએ પોતાની સાધુ થવાની ઈચ્છા મહાવીર સ્વામી પાસે પ્રગટ કરી. મહાવીર સ્વામીએ કહ્યું, "તારા માતા-પિતાની આજ્ઞા વિના અમે તને દીક્ષા ન આપી શકીએ."

અઈમુત્તા ઘેર ગયો. એણે એની માતાને કહ્યું, "મા, હું દીક્ષા લેવા ઈચ્છું છું. તમે જ કહેતા હતા ને કે આપણી ઘરેલુ જિંદગી અનેક પાપો તથા હિંસાચારથી ભરેલી છે. ગૌતમ સ્વામી અને મહાવીર સ્વામી પણ એવું જ કહે છે. મારે પાપમાંથી મુક્ત થવું છે. તેથી મહેરબાની કરીને મને દીક્ષા લેવાની અનુમતિ આપો."

અઈમુત્તાની માતા આ સાંભળીને આશ્ચર્યમાં પડી ગઈ. અઈમુત્તા દીક્ષા લેવાનો અર્થ બરાબર સમજ્યો છે કે નહીં એ ચકાસવા એમની માતાએ કહ્યું, "દીકરા, દીક્ષા લેવી એ ઘણી અઘરી વાત છે. ત્યાં બહુ શિસ્તબદ્ધ જીવન જીવવું પડે. ત્યાં તારી સારસંભાળ લેવા માતા-પિતા નહીં હોય. બધા કષ્ટો તું કેવી રીતે સહન કરીશ?"

અઈમુત્તાએ કહ્યું, "માતાજી, આ ઘરેલું જીવનમાં પણ ઘણી તકલીફો હોય છે. સાધુ થવાથી જે કંઈ તકલીફો પડશે તે કર્મોનો નાશ કરશે અને મુક્તિ તરફ લઈ જશે."

**"મા, હું દીક્ષા લેવા ઇચ્છું છું"**




આ સાંભળીને એની માતા ખુશ થઈ. છતાં તેઓ એના દીક્ષા લેવાના નિર્ણયને વધુ ચકાસવા માંગતા હતા તેથી ફરી એમણે કહ્યું, ‘‘દીકરા, શા માટે દીક્ષા લેવાની ઉતાવળ કરે છે, થોડાં વર્ષો થોભી જા. અમારા ઘડપણને સાચવ અને તારા પોતાના કુટુંબનું પણ ધ્યાન રાખવું પડશે ને !’’


અઈમુત્તાએ કહ્યું, ‘‘માતાજી, મહાવીર સ્વામીના ઉપદેશમાંથી હું શીખ્યો છું કે કોઈ જુવાન નથી કે કોઈ ઘરડું નથી. કાલે શું થવાનું છે એની કોઈને ખબર નથી. કોણ પહેલું મરશે કે પછી મરશે એ પણ ખબર નથી. તો પછી શા માટે રાહ જોઈને મને આજે મળેલી તક જવા દેવી ?’’

હવે માતાને ખાત્રી થઈ ગઈ કે દીકરાને દીક્ષા લેવાનો અર્થ બરાબર ખબર છે. તેઓ ખુશ થયા. એમણે અઈમુત્તાને કહ્યું, ‘‘દીકરા, ખૂબ અભિનંદન ! મને તારા માટે ગર્વ થાય છે. તું સારો સાધુ બની શકીશ. તારું ધ્યેય મુક્તિ છે તે તું ભૂલીશ નહીં. આખી જિંદગી અહિંસાનું પાલન કરજે. હું તને દીક્ષા લેવાની અનુમતિ આપું છું.’’ અઈમુત્તાએ કહ્યું, ‘‘માતા, આપે મને અનુમતિ આપી માટે આપનો ખૂબ ખૂબ આભાર. તમારી સોનેરી સલાહ હું કાયમ યાદ રાખીશ.’’ રાજા વિજયે પણ ખુશી ખુશી અનુમતિ આપી.

થોડા દિવસ પછી દીક્ષા લઈ તે સાધુ બન્યો. સહુ એને બાલમુનિ અઈમુત્તા કહેતા. એક દિવસ બાલમુનિ અઈમુત્તાએ કેટલાક છોકરાઓને ખાબોચિયામાં કાગળની હોડી બનાવી રમતા જોયા. આ જોઈને એમને રમવાની તીવ્ર ઈચ્છા થઈ. એ ભૂલી ગયા કે સાધુ થઈને પાણી સાથે રમાય નહીં. તેઓ દોડતા દોડતા છોકરાઓ પાસે ગયા અને રમવાની ઈચ્છા પ્રગટ કરી. બાળકો પણ એક સાધુ પોતાની સાથે

**‘‘ એક દિવસ બાલમુનિ અઈમુત્તાએ કેટલાક છોકરાઓને ખાબોચિયામાં કાગળની હોડી બનાવી રમતા જોયા. ’’**





રમવા આવ્યા છે, તે જાણી ખુશ ખુશ થઈ ગયા. એમણે એમના પાત્રનું ઢાંકણ ખોલી નાખ્યું. અને એ જાણે કે હોડી હોય તેમ રમવા લાગ્યા. એમણે બધાને કહ્યું, ''જુઓ, મારી હોડી પણ તરે છે.''


એટલામાં બીજા સાધુઓ ત્યાં આવ્યા. જોયું તો બાલમુનિ પાણી સાથે રમતા હતા. એમણે કહ્યું, ''બાલમુનિ, આ શું કરો છો ? સાધુ થઈને પાણીથી ન રમાય એ ભૂલી ગયા ? પાણી સાથે રમવાથી પાણીમાં રહેલા જીવાણુઓને નુકસાન થાય. સાધુ તરીકે આપણે પ્રતિજ્ઞા લીધી છે કે કોઈપણ જીવને દુઃખ નહીં આપું. તમે તમારી પ્રતિજ્ઞાનો ભંગ કર્યો છે અને ખરાબ કર્મો બાંધ્યા છે.''

બાલમુનિ અઈમુત્તાને પોતાની ભૂલ સમજાઈ. એમણે તરત જ પ્રાયશ્ચિત કરવા માંડ્યું. ''અરે ! મેં આ શું કર્યું ? મેં મારી માતાને વચન આપ્યું હતું કે પાપ લાગે એવું કોઈ કાર્ય હું નહીં કરું. આ સાધુઓ ઘણા દયાળુ છે કે મને મારું કર્તવ્ય યાદ કરાવ્યું. જો આ સાધુઓ ન આવ્યા હોત તો મારું શું થાત ?'' આમ એમણે પોતની ભૂલનું હૃદયપૂર્વક પ્રાયશ્ચિત કર્યું અને સાધુઓ સાથે ચાલ્યા ગયા.

પોતાના સ્થાને પહોંચ્યા પછી પણ એમના પ્રાયશ્ચિતનો કોઈ છેડો ન હતો. પોતે જે કંઈ કર્યું હતું એને માટે તેઓ દુઃખી હતા. તેઓ વિચારવા લાગ્યા, ''મેં આ શું કર્યું ? કેવળ આનંદ ખાતર કેટલા બધા જીવંત જીવોને દુઃખ પહોંચાડ્યું ? હું આ પાપમાંથી કેવી રીતે મુક્ત થઈશ ? મહાવીર સ્વામીનો સામનો કેવી રીતે કરીશ ? હે જીવો, હું તમારા દુઃખનું નિમિત્ત બન્યો છું. મારા પાપો માટે મને માફ કરો. ફરી આવા પાપ હું ક્યારેય નહીં કરું.'' સાચા દિલના પ્રાયશ્ચિતને કારણે એના બધા જ ખરાબ કર્મોનો ક્ષય થયો અને એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. હવે તેઓ કેવળી મુનિ કહેવાયા.

જ્યારે કેવળી અઈમુત્તા મુનિ મહાવીર સ્વામીની સભામાં ગયા અને જ્યાં કેવળી સાધુઓ બેઠા હતા ત્યાં બેસવા ગયા ત્યારે કેટલાક વડીલ સાધુઓએ આ જોયું અને કહ્યું, ''ઓ અઈમુત્તા, ક્યાં જાઓ છો ? એ જગ્યા તો કેવળી મુનિ માટે છે. માટે જ્યાં બીજા સાધુઓ બેઠા છે ત્યાં જઈને બેસો.'' આ સાંભળી મહાવીર સ્વામી વચમાં જ બોલ્યા, ''સાધુઓ, કેવળી મુનિનું તમે અપમાન ન કરી શકો. અઈમુત્તા મુનિ હવે કોઈ સામાન્ય સાધુ નથી. પ્રાયશ્ચિત કરતાં કરતાં એમણે એમના સઘળા કર્મોનો નાશ કર્યો છે અને તેઓ કેવળી બન્યા છે.'' સાધુઓને એમની ભૂલ સમજાઈ અને એમને વંદન કરવા લાગ્યા.


**''જોયું મિત્રો, સાચા દિલનું પ્રાયશ્ચિત કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરાવી દે છે.''**



# પઝલના જવાબો

3) CAMEL





તમારી જાતને ચકાસી જુઓનો જવાબ :

આડું : ૧) પ્રત્યાખ્યાન ૨) ક્રમણ ૩) અધોગતિ,

ઊભું : ૧) પ્રતિક્રમણ ૪) શૂટઓનસાઈટ

## સમર કેમ્પ

## ચાલો બાળકો, ચાલો સમર કેમ્પમાં સંસ્કાર સિંચન થાયે...

### મિત્રો, તમારો મનગમતો સમર કેમ્પ આવી રહ્યો છે.

### તો તૈયાર, તમારા સેન્ટરમાં થનાર સમર કેમ્પની તારીખો નોંધી લો.

આ કેમ્પમાં તમને ગમે એવી વાર્તાઓ, પપેટ શો, ગ્રુપ ડિસ્કશન, સત્સંગ સેશન, ગેમ્સ, ડ્રોઈંગ અને ક્રાફ્ટ એક્ટીવીટી વગેરે. રાખવામાં આવ્યા છે. સાથે ગરબા અને ભક્તિ પણ ખરા જ.કેમ્પની વધુ વિગતો નીચે આપેલ પ્રત્યેક સેન્ટરના સંપર્ક નંબર પરથી મળી રહેશે. જલ્દી જલ્દી રજીસ્ટ્રેશન કરાવી લો, સંખ્યા મર્યાદિત છે.

| સ્થળ | ગ્રુપ A– યુવાન ભાઈઓ માટે ૧૩ થી ૧૬ વર્ષ | | સંપર્ક નંબર |
|---|---|---|---|
| મુંબઈ | ૨૪-૨૫-૨૬ એપ્રિલ | | ૯૩૨૧૦૧૦૨૦૮ |
| સીમંધર સીટી | ૩૦ એપ્રિલ અને ૧ મે | | (૦૭૯) ૩૯૮૩૦૯૩૯ |
| સુરત | ૧૨-૧૩ મે | | ૯૩૭૪૭૧૪૧૪૩ |
| રાજકોટ | ૧૫-૧૬ મે | | ૯૮૨૪૨૧૮૦૫૬ |
| | ગ્રુપ B– છોકરાં-છોકરીઓ માટે | | |
| | ૭ થી ૯ વર્ષ | ૧૦-૧૨ વર્ષ | |
| મુંબઈ | ૨૧-૨૨ એપ્રિલ (ઘાટકોપર)૭ થી ૧૨ વર્ષ | ૨૮-૨૯ એપ્રિલ (કાંદીવલી)૭ થી ૧૨ વર્ષ | ૯૭૬૯૭૯૯૧૫૫ |
| ભાવનગર | ૨૩-૨૪ એપ્રિલ | ૨૩-૨૪ એપ્રિલ | ૯૫૭૪૦૦૮૦૯૦ |
| રાજકોટ | ૨૬-૨૭ એપ્રિલ | ૨૮-૨૯ એપ્રિલ | ૯૭૧૨૩૪૩૯૨૯ |
| વડોદરા | ૨૮-૨૯ એપ્રિલ | ૨૮-૨૯ એપ્રિલ | ૯૭૨૫૬૬૫૭૦૦ |
| ભુજ | ૩૦ એપ્રિલ - ૧ મે | ૨-૩ મે | ૯૯૦૯૫૬૫૬૭૯ |
| સુરત | ૧૪-૧૫ મે | ૧૪-૧૫ મે | ૯૪૨૭૬૩૮૫૫૮ |
| સીમંધર સીટી | ૨૩-૨૪ મે | ૨૫-૨૬ મે | (૦૭૯)૩૯૮૩૦૯૩૯ |
| | ગ્રુપ C– યુવાન બહેનો માટે | | |
| | ૧૩ થી ૧૬ વર્ષ | ૧૭ થી ૨૧ વર્ષ | |
| સીમંધર સીટી | ૨૮-૨૯ એપ્રિલ | ૧૧-૧૨-૧૩ મે | (૦૭૯)૩૯૮૩૦૯૩૯ |

Akram Express
April 2012
Year : 4, Issue : 8
Conti. Issue No.: 44

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2012
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

| | ગ્રુપ D- યુવાન ભાઈઓ માટે ૧૭ થી ૨૧ વર્ષ | |
|---|---|---|
| ગોધરા (પાવાગઢ) | ૨૮-૨૯ એપ્રિલ(૧૩ થી ૨૧ વર્ષ) | ૯૯૨૫૨૫૪૬૮૮ |
| સીમંધર સીટી | ૨-૩-૪ મે | (૦૭૯)૩૯૮૩૦૯૩૯ |
| ભુજ ત્રિમંદિર | ૫-૬ મે (૧૩ થી ૨૧ વર્ષ) | ૭૫૬૭૫૬૧૫૫૬ |


નોંધઃ (૧)સમર કેમ્પમાં જે બાળકો-યુવાનો ભાગ લેવાના છે, એનું રજિસ્ટ્રેશન દાદા ભગવાન પરીવારના કોઈપણ સત્સંગ સેન્ટર પર થઈ શકશે.

(૨)સીમંધર સીટી સમર કેમ્પ માટે રજિસ્ટ્રેશન ત્રિમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપીનેસ'માં સવારે ૯.૩૦ થી ૧૨ દરમ્યાન જે તે સમર કેમ્પના ૭ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે.


(૩)રજિસ્ટ્રેશન માટે બાળકની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ જે તે સમર કેમ્પની તારીખના ૭ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યાર બાદ રજિસ્ટ્રેશન થશે તે બધા જ વેઈટીંગમાં ગણાશે અને જગ્યા હશે તો જ ઉપરોક્ત કાર્યક્રમમાં એ બાળક ભાગ લઈ શકશે.

## ૧૯ માર્ચ,૨૦૧૨-પૂજ્ય નીરુમાની છઠ્ઠી પુણ્યતિથીના દિવસે સવારે...

સમાધી દર્શન



નીલ સીરીઝ-૪ ઓપનીંગ



અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સુચના

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.